# છૂંદણાં

'તો લે! હાંભર્ય વાર્તા...'

'વાલી! એ વાલી...! હાઇલ આમ બારી નિહર્ય. હાઇલ ત્રાજવાં ત્રોફાવવાનાં સે તાર ડીલે... આમ જો, આંઈ પાડોહ આખાની સોકરિયું આવી ગ્યું. હાઇલ... હાઇલ ઝટ કર્ય. બે-બે મશીનુંવારા બેહાડ્યા સે આઇજ તો!'

ફરિયામાંથી સોકરીની આઈયે રાડ નાખી એટલે તરત જ ઘરમાંથી ક્યાંકથીક ઊંડે-ઊંડેથી દબાયેલો હાદ ફૂટ્યો :

'ના... આઈ! નઈ... નઈ...! મારે કાંઈ નથ કરવું. હું નઈ આવું બાર્ય! જી કરવું હોય ઈ કરો. ભલે આખા ગામની સોકરિયું ડિલ સિત્રાવે... મારે હોયું નેથ ખાવ્યું.'

'પછી?'

'પસી એક સોવણી-કેડયું ઘરમાં ગઇરું. ખાટલા હેઠેથી કૂણો-કૂણો હાથ ઝાલીને ઈ બરસટ હાથે તો જો બર કૈરું કે તરફડિયાં મારતી સોકરી ઢહડાતી-ઢહડાતી ફરિયામાં ઘા થઈ. કૂણો હાથ સૂટવા હાટું મલ્લક નોરા કરે, પણ એની કાંઈ કારી નો ફાવી. બરસટ હાથમાંથી કૂણો હાથ મિશીનવારાના હાથમાં પરખાવાઈ ગ્યો.'

'અરરર! પછી?'

'પસી કાંવ! મિશીનનું કામ તો ડિલ વીંધવાનું! થાવા મંડ્યું મશીનમાં તળેળાટ્યું. ટ્... ટ્... ટર... ટ્. કરતુંક ને મિશીન તો ડિલ વીંધતુ જાય.'

'હેં! પછી... આઈ!'

'લે! પસી... પસી...કાંવ વોય! આ કાંઈ વાર્તા થોડી સે! ઈ હાથ એટલે આ ર્યું આ... જોઈ લે જો, પસી આ ભાઈતું ઊઠી... હવીં તો અસ્સલ લાગે ને! ઈ બધું મેલ તડકે ને હવીં આંખ્યું મીંસીને ઘોટાઈ જા. હંધાઈ હૂઈ ગ્યા લાગે! આમ તાં જો કેટલી રાઇત થઈ ગી! મને લાગે તાર મા તો કંયુ કંયુની હૂઈ ગી લાગે! ઘરની માલીકોરથી હસર બન થઈ ગ્યો... જો! હૂઈ જા.'

છોકરીએ ડોસી તરફ પડખું ફર્યું એટલે ખાટલામાં તળતળાટી થઈ.

'આઈ! વાર્તા કરો ને એટલે આઘડી નીંદર આવી જાહે.'

'ના... વો! રોજ-રોજ ક્યાંથી કાઢવી વાર્તાયું! તું સે ને કાઇલથી તાર મા ભેરી જ હૂતી જાજે. ઈ કેહે વાર્તાયું. માર પાંહે હવીં વાર્તાયું ખૂટી ગ્યું. ને હવીં તુંય દી પા દ્યે ઢાંગી થાતી જાય સે તી આપણને બેયને એક ખાટલામાં હાંકળ થાય. એમાંય આ ઉનારાના દીમાં તો મુર્ય કોઈ અડે ઈ નો ગમે. એટલે કવ સું કે કાઇલથી તો તાર મા ભેરી જ ઘલાજે. વો ને! વો?'

'ના...વો! મારે ઈ કાંઈ ધંધો નેથ કરવો. તમાર જેવી વાર્તાયું તો કોઈને નો આવડે. મારી મા તો વાંહામાં ધબ્બો જ નાખે સીધો. હું જીવું ન્યાં લગી કોઈ ભેગી નઈ હૂવ. તમાર ભેરી જ હૂવાની જાવ.'

'હા, તો હૂઈ જા નક્કર તાર માને બરકું.'

'ના... પેલ્લા વાર્તા કયો પછી જ હુઈસ.'

‘લે! આ તો કોઈ માથાકૂટણી સે! હવીં ખૂટી ગ્યું વાર્તાયું.’

‘તો તમારી વાર્તા કરો... આઈ તમીં રોયાં’તાં આ છૂંદણાં કરાવતાં’તાં તંયે?’

છોકરીએ ડોસીના કરચલીવાળા હાથ ઉપર પોતાનો કૂણો હાથ ફેરવ્યો. હાથની કરચલીઓને ચપટીમાં ભરીને ચામડીની કુમાશનો સ્પર્શ કરતી છોકરી તારોળિયા સામું જોઈ રહી. ઉનાળાનું આકાશ અને તારાનો વૈભવ! ઉપરથી અડધો-પડધો ચાંદો. ડોસીએ પણ ઝાંખી નજર ચાંદા ઉપર ટેકવી.

‘પછી ક્યો ને આઈ!’

પછી ખુલ્લા આકાશ હેઠે અંધારામાં ઝબોળીને ડોસીએ વાર્તા માંડી :

‘ટ્... ટ્... ટર... ટ્... મિશીનમાં તળતળાટી થાવા માંડી. મીં તો ઘડીક ઠેકડા માર્યા. મારી આઈ ક્યે કે ‘વાલી! માર પેટ... થૈર થઈ જા. હવીં તારું કાંઈ ડા’પણ હાલવાનું નેથ, બેન! તાર આતો દેખી જાહે તો પઈડાં માંથે પાટું દેહે.’ ને હું મોંમાં સૂંદડીનો ગાભો ભરાવીને થૈર થઈ ગી. ઉં કે આં કાંઈ નો બોલી. મિશીન હાથ માંથે ફરતું જાય. તળતળાટી બોલતી જાય. ઉપર્ય તેલ-પાણીનું પોતું મેલાતું જાય. ટ્... ટ્... ટર... ટ્... ક્યાંક તો લોઈના સાંઠા થઈ જાય. બાપુજીની બીકું નો વોત તો તો મીં બોકાહાં નાઈખા વોત. પણ સૂંદડી હતી તી હારું થ્યું.’

છોકરીએ રસ દાખવતાં પડખું બદલ્યું. ખાટલાનું વાણ જરા અમથું તળતળાટ થયું.

‘છૂંદણાં કેમ ધરાર પડાઈવા’તા તમને?’

‘એમ કે’વાય કે ઈ સે ને બાઈ માણહનું ઘરેણું કે’વાય. આપણી ન્યાતની સાપ કે’વાય. મન પડે ઈંમ ન પાડવાના વોય કાંઈ! કોણ,

ક્યાં, કેવું ત્રાજવું નખવે ઈનું શાસ્તર સે બેન! જો, મોઢા માંથે એટલે આંઈ દાઢી પાંહે નખવે તો ઈંમ કે'વાય કે કોઈની મેલી નજરું નો લાગે. પસી આંઈ પગની ઘૂંટી ઉપર્ય નખવે તો એનો અરથ ઈંમ કે ઘરમાં કેડ હમાણું કામ ને ગોઠણ હમાણું ધાન... કોક તો કે'તું કે જી બાઈ આ અવતારમાં ત્રાજવાં ન પડવે ઈંને આવતા અવતારમાં હાંઢિયાનો અવતાર મળે. એનાથી રહોળીની ગાંઠ્યુંય નો થાય એમેય ઘણાય તો ક્યે. હું તો કવ કે ઈ બાયુંની સેન શક્તિની કસોટી કે'વાય. બત્રીહ કોઠે ઝણઝણાટ્યું પુગે બાપ! ઈ વેદના સેન કરી લ્યે પસી બીજા દખનું કાંવ જોર! દખ તો ભુલાઈ જાય ને આજીવન ઈ ભાઈતું ડિલે રઈ જાય. જંઈ-જંઈ કાંઈ દખ પડે તંઈ આ વેદનાને હંભારી લેવાની. ઈ તો દખનાં હંભાઈણાં કે'વાય... ઈંમ માર કાકી કે'તાં. ને કે'તાં કે મરી જાયે તો કાંઈ ભેગું નો આવે, પણ આ ડિલના ડામ... આ... ત્રાજવાં સે ને સમસાનમાંય ભેગાં આવે. બીજું કાંઈ ટકે કે નો ટકે, પણ આ તો જીવનભર્ય હારોહાર્ય!'

'પછી તમીં કેટલી વાર લગી રોયાં'તાં?'

'મારી વાત હાંભર્ય! એક હાર્યે બે-બે મિશીનુંવારા વો! હામેના ઘેરમાંથીય કૂણા-કૂણા હાથ તરફડિયાં મારતા આઇવા. ને આપણા ડેલામાં તો બાયું ને સોકરિયું હમાઈ નઈં એટલી ભેગી થી. મિશીનની તળતળાટી થાય. ટ્... ટ્... ટર... ટ્... ઈ હંધ્યુંયનાં આંહુડાંય વહ્યાં જાય. તી ઈ જોઈને મને કાંક હાંહ હેઠો બેઠો. ન્યાં જેટલ્યું બેઠ્યું'ત્યું ઈંને હંધ્યુંયને ટોસાવાનું જ હતું. રોયે કે ન રોયે! કોઈ ભગવાનનું નામ નખવે, કોઈ વરી બેનપણિયુંનું. હગપણ નક્કી થઈ ગ્યાં વોય ઈ એના ઘરવારાનાં નામ નખવે. હરવણ કાવડ, હાત ભાયા, હરવણ પગલાં, પીપરાનું પાન, વાવ ને ડોકે કરાવે એને સુરનારાયણ ક્યે. એમાંય પાસું હઉ-હઉની કોમના નોખ-નોખા વોય. મીં 'રામ' લખાઈવું'તું.'

‘લાખો એટલે કોણ? તમાર હાથે એવું લખેલ છે ને!’

‘તું તો કોઈ નકટી સે! હવીં હૂવું સે કે નઈ? અધૂરી વાર્તા કાલ કરૈહ.’

ડોસીએ છોકરીના વાંસામાં હાથ ફેરવ્યો. ઝાંખો દેખાતો ચાંદો એવો જ લાગતો હતો, જેવો વર્ષો પહેલાંની એક રાતે નવપરણેતરના ખોરડા ઉપર ઠંડક વેરતો હતો. યુવાને તેના પડખામાં સૂતેલી વાલીને વહાલથી કહેલું, ‘ભાભીનો હાથ જોયો ત્યેં? ઈંમાં ભાઈનું નામ નખવેલ સે. તુંય મારું નામ નખવી લેજે.’ અને ખાટલામાં તળતળાટી. એ જ સાલ મેળામાં મશીનવાળા પાસે જઈને નામ નખાવ્યું. ફરી ટ્... ટ્... ટર... ટ્... પણ આ ફેલ્લે દુખ્યું કેમ નહીં હોય! એ જ ચાંદો, એવી જ રાત, એ જ હાથ અને એ જ વાર્તા. એ જ હાથ છોકરીના વાંસામાં ફરતો હતો.

છોકરી સૂઈ ગઈ. હળવે-હળવે ચાંદો પણ પોઢી ગયો. સવાર ઊગી. જાણે કોરા આકાશમાં કોઈ છૂંદણું ત્રોફાવી ગયું હોય અને સૂરજ જેવી ભાત ઊપસી આવી હોય! વળી લોહીની ટશર ન ફૂટી હોય! છોકરી ઊઠી. તેના પડખામાં સૂતેલી ડોસી જાગતી જ હતી. છોકરીએ હાથે, ડોકે, દાઢીએ છૂંદાવેલાં છૂંદણાં ઉપર નજર ફેરવી. એ તો રોજ જોયાં હતાં, પણ આજ કંઈક જુદાં જ લાગતાં હતાં. રાતોરાત ડોસી નાની છોકરી થઈ ન ગઈ હોય જાણે! કૂણા-કૂણા હાથ વાળી છોકરી. સવારની ટાઢકમાં ઝબોળાયેલાં છૂંદણાં લીલમ જેવા ઝગારા મારતાં હતાં. છોકરીને પ્રેમનો ઊભરો આવ્યો અને આઈને ભેટી પડી.